SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL - P. Gautam & Co., Nandanvan, Ground Floor, Town Hall , Ellishbridge, Ahmedabad - 380 006.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

એકાંતમાં બેસેલો
વ્યક્તિ પણ
એકલો નથી હોતો...
સાથે કોઈ ચિંતા
તો હોય જ છે...

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 21 ● Issue No. - 248 ● 1st May 2024 Price Rs. 2/- ● Pages-00

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ


### પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

### કાયમી સહાયક દાતા

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

### પરિવાર પત્રિકા સંપાદન સમિતિ

સંપાદક : પ્રમોદભાઈ એન. ગાંધી 93270 07054
સહ સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444

ભાઈલાલભાઈ એન. ગાંધી..........(સમોડા) 99257 22324
મીહીરભાઈ એચ. શાહ..........(બોકરવાડા) 98982 58515
ભાવેશભાઈ એમ. શાહ.............(ભાલક) 94277 02080

### મેનેજીંગ ટ્રસ્ટી

જશવંતલાલ પી. શાહ..........(ભાલક) 99747 16584

### પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ.................. (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ............... (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................ (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................. (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી...............(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ.................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ..............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ.................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ.................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ...................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉપાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)


## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિજનો,

ગ્લોબલ વૉર્મિંગ તથા હવામાન પરિવર્તનને લીધે ક્રમશ: વધતી જતી ગરમીની અસર જીવમાત્ર અનુભવી રહ્યા છે. અબોલ પશુ-પંખીની હાલત દયાજનક છે. આપણે જલપાત્રો દ્વારા તેમને સહાય કરી શકીએ તો તે પણ પુણ્યનું જ કાર્ય છે. ચૈત્ર માસની ઓળી કરનાર સૌ તપસ્વીઓની ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ.

સર્વે જ્ઞાતિજનોને જણાવતાં ખુશી થાય છે કે અમદાવાદના આપણા શ્રીમતી સરસ્વતીબેન રમણલાલ શાહ સાંસ્કૃતિક ભવન (જ્ઞાતિ હોલ) માં રીપેરીંગ અને રીનોવેશનનું કાર્ય પૂર્ણ થયેલ છે. પ્લેટીનમ હોલમાં ગરમી ન લાગે તે માટે નવાં એ.સી. મૂકાવ્યાં છે તથા બારીઓ ઉપર Black Film લગાડવામાં આવી છે. કાર્યાલયમાં Wi-Fi ની સુવિધા કરી છે. સમગ્ર હોલના બધા વિભાગોને આવરી લઈને, નિરિક્ષણ કરી શકાય તે રીતે ૧૬ CCTV કેમેરા લગાડવામાં આવ્યા છે. ફાયર સેફટીની સુવિધા કરવામાં આવી છે. આમ જ્ઞાતિનો હોલ નવા રૂપ-રંગથી શોભે છે. નવીનીકરણ પામેલો આ રીનોવેટેડ જ્ઞાતિ હોલ આપ સર્વેની સેવામાં તૈયાર છે. આશા છે કે આપ સૌ તેનો લાભ લેશો.

### શૈક્ષણિક સમિતિ દ્વારા અગત્યની જાહેરાત

દર વર્ષની જેમ, અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા, અમદાવાદ જ્ઞાતિમંડળમાં સભ્યપદ ધરાવતા જ્ઞાતિજનોના જે સંતાનો ધોરણ-૧ થી ઉચ્ચ શિક્ષણ સુધીનો અભ્યાસ કરી રહ્યા હોય તેવા દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થીની દીઠ ૨ (બે) ડઝન Full Scape (144 pages) ચોપડા તેમજ પેન સેટનું વિતરણ કરવાનો ઠરાવ થયેલ છે. તે મુજબ ૧ (એક) ડઝન ચોપડાના રૂા.૧૫૦/-ના રાહત દરે, દરેક વિદ્યાર્થીને બે ડઝન ચોપડા આપવાના છે. સાથે દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થીની ને બોલપેનનો ૧ સેટ નિ:શુલ્ક આપવાનો છે.

### -: ખાસ સૂચના :-

પરિવાર પત્રિકાના માર્ચ-૨૦૨૪ના અંકમાં પ્રગતિ અહેવાલમાં જણાવ્યા મુજબ, ચોપડા મેળવવા માટે, આ વર્ષે જેમણે Google Form માં જરૂરી વિગતો ફરીને Online, Submit કરીને રજીસ્ટ્રેશન કરાવેલું હશે તેમને જ, આ Scheme હેઠળ ચોપડા-બોલપેન મળશે. આ અંગે Ahmedabad Mandal ના WhatsApp ગ્રુપ દ્વારા પણ તા.૦૨-૦૨-૨૦૨૪થી, વખતો વખત અમદાવાદના જ્ઞાતિજનો Google Form દ્વારા રજીસ્ટ્રેશન કરાવવાની તાકીદ કરવામાં આવેલી છે. તે મુજબ જેમણે રજીસ્ટ્રેશન કરાવ્યું હશે તેમને જ આ વર્ષે ચોપડા તથા બોલપેન વિતરણનો લાભ મળશે તેની ખાસ નોંધ લેવા વિનંતી. જ્ઞાતિ મંડળના હોલ ઉપરથી આગામી તા.૨૬-૦૫-૨૦૨૪, રવિવારે તથા તા.૦૨-૦૬-૨૦૨૪, રવિવારે સવારે ૧૦-૦૦ થી ૫-૦૦ કલાક દરમ્યાન ચોપડા બોલપેનનું વિતરણ કરવામાં આવશે.

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**
**(જાન્યુઆરી-૨૪ થી ડીસેમ્બર-૨૪)**



**સ્વ. અરૂણાબેન અરવિંદભાઈ શાહ**
(મોટપ - અમદાવાદ)
જન્મ તા.૨૭-૧૨-૧૯૫૧ • સ્વ.તા.૦૫-૧૨-૨૦૨૦

ની સ્મૃતિમાં

જીગ્નેશભાઈ શાહ - રૂપલબેન શાહ
નીશીબેન - દીયાબેન
સંજયકુમાર - મોનાબેન
જૈની - આગમ

**અરવિંદભાઈ પૂનમચંદ શાહ**
(મોટપ-અમદાવાદ)
પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ .....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર કાહ્નાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ............(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ............(ખરોડ)

આપ જ્યારે ચોપડા લેવા પધારો ત્યારે આ ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ની વિદ્યાર્થી/વિદ્યાર્થીનીની જે તે ધોરણની માર્કશીટની ઝેરોક્ષ લાવશો. કદાચ આ વર્ષનું રીઝલ્ટ ન આવ્યું હોય તો, જે તે શૈક્ષિણિક સંસ્થામાં આપે જે ફી ભરી હોય તેની Receipt (પહોંચ) લઈને આવશો. શૈક્ષણિક સમિતિ દ્વારા તે ચેક કરવામાં આવશે. તે સિવાય ચોપડા-બોલપેનનો લાભ મળશે નહિં.


(પૂર્વ અમદાવાદમાં) કૃષ્ણનગર, સૈજપુર બોઘા, નરોડા, સરસપુર, બાપુનગર, વિરાટનગર, ઓઢવ તથા (દક્ષિણ અમદાવાદમાં) વટવા, લાંભા, નારોલ વગેરે વિસ્તારોના આપણા મંડળના જ્ઞાતિજનો-સભ્યોએ નીચેના સ્થળેથી ચોપડા-બોલપેન મેળવી લેવા વિનંતી.

> અંકિતભાઈ અશોકભાઈ શાહ (ભાલકવાળા) મો.: ૯૯૨૪૧ ૨૨૦૬૦
> બી/૫૩/૮૫૨, ગુજરાત હાઉસિંગ બોર્ડ, વિદ્યાવિહાર સ્કૂલ સામે,
> કૃષ્ણનગર, નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૬.
> તા. ૨૬, મે તથા ૦૨, જૂન-૨૦૨૪ બે રવિવારે, સમય : ૧૦-૦૦ થી ૫-૦૦.

દાતા શ્રીમતી રાઈબેન નાથાલાલ ગાંધી (હસ્તે : શેઠ શ્રી લાલચંદભાઈ ગાંધી (મોઢેરા-હાલ:મુંબઈ) શૈક્ષણિક સહાય યોજના અંતર્ગત ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને શાળા ફી તથા ગણવેશ માટે સહાય આપવામાં આવે છે. ચાલુ વર્ષે આ યોજનાનો લાભ લેવા માગતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ તા.૨૬, મે-૨૦૨૪ તથા ૦૨, જૂન-૨૦૨૪ એમ બે રવિવારે કાર્યાલયે રૂબરૂ આવીને નિયત અરજી ફોર્મ ભરવાનું રહેશે. અરજી ફોર્મ ઘરે આપવામાં આવશે નહીં. તેની ખાસ નોંધ લેવી. તે માટે આ સાથે નીચે દર્શાવેલા આધાર-પુરાવા લઈને જ આવવા વિનંતી છે.

૧) વિદ્યાર્થી/વિદ્યાર્થીનીની આધાર કાર્ડની ઝેરોક્ષ
૨) માર્કશીટની પ્રમાણિત નકલ (માર્કશીટની ઓરીજીનલ નકલમાં ટકાનો ઉલ્લેખ હોવો જરૂરી છે. જો ન હોય તો સત્તા વાળાઓ પાસે ટકાનો ઉલ્લેખ કરાવીને તેની નકલ આપવી.)
૩) છેલ્લા લાઈટબીલની નકલ
૪) વાલી જ્યાં નોકરી કરતા હોય ત્યાંથી છેલ્લા પગારની પે-સ્લીપ
૫) વેપાર, ધંધો, વ્યવસાય કરતા હોય તો છેલ્લા વર્ષની ઈન્કટેક્ષ રીટર્નની નકલ.
૬) શાળાની નોંધણીના દાખલા સાથે, શાળાના લેટરપેડ ઉપર આખા વર્ષની ફી અંગેની વિગત લખાવીને લાવવી.

- ધોરણ ૧ થી ૧૦માં પાસ થનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીના પરિણામમાં ૭૫% કે તેથી વધુ ટકા પ્રાપ્ત કરનારને પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ ઈનામો આપવામાં આવશે. ૭૫% કે તેથી વધુ ટકા વાળાને જ માર્કશીટ મળ્યાની પહોંચ આપવામાં આવશે. આ રીતે % ટકા સાથેનું પ્રમાણપત્ર રજૂ ન કર્યું હોય તેવા વિદ્યાર્થી/વિદ્યાર્થીની ઈનામને પાત્ર ગણાશે નહીં.
- ધોરણ-૧૧ અને ૧૨..... આર્ટસ, સાયન્સ, કોમર્સ ફેકલ્ટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓમાંથી ૭૫% કે તેથી વધુ ટકા મેળવનારાને પ્રથમ અને દ્વિતીય એમ બે ઈનામ આપવામાં આવશે.
- કોલેજના સ્નાતક, અનુસ્નાતક તેમજ વિવિધ ફેકલ્ટીઝમાં ફાઈનલ ડીગ્રી હોલ્ડર, તેમજ આઈ.ટી.આઈ. જેવી અન્ય ફેકલ્ટીના ડીપ્લોમાં/ ડીગ્રી હોલ્ડરમાં દરેકમાં પ્રથમ આવનારને ઈનામ આપવામાં આવશે.



**રસિકલાલ ચીમનલાલ શાહ**
(લણવા-અમદાવાદ)
જન્મ તા.૨૪-૧૨-૧૯૩૦ • સ્વ. તા.૨૬-૦૨-૨૦૨૧

મનમાં હંમેશાં જીતવાની આશા હોવી જોઈએ,
કારણ કે નસીબ બદલાય કે ન બદલાય,
પરંતુ સમય ચોક્કસપણે બદલાય છે !!

ચિમનલાલ પુનમચંદ શાહ
સરોજ મુકેશ શાહ • મુકેશ જે. શાહ
જીગર • હિમાંદ્રી • મોલિક • આનલ
રીયા-કહાન-વિહા
(ભાલક)

આ અંગેની માર્કશીટ/પ્રમાણપત્રની નકલ (zerox) તારીખ ૩૧-૦૭-૨૦૨૪ સુધીમાં કાર્યાલયમાં આપવી જેમાં ટકાનો ઉલ્લેખ જરૂરી છે.

- ઉપરોક્ત સઘળી માર્કશીટની વિગતો ભરવામાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીનું નામ, જન્મ તારીખ, મંડળના સભ્યનું પૂરેપુરું નામ, સભ્ય નંબર, સરનામું, ફોન/મોબાઈલ નંબર, મૂળ વતન વગેરે , માર્કશીટ સાથેના નમૂનાના ફોર્મમાં (ઈનામની બાબતમાં) સંપૂર્ણ વિગતો લખીને તા.૩૧-૦૭-૨૦૨૪ સુધીમાં કાર્યાલયમાં આપીને તેની પહોંચ મેળવી લેવી. (માર્કશીટની વિગતો ભરવાનું ફોર્મ કાર્યાલયેથી (હોલ ઉપરથી) આપવામાં આવશે.

આપના કુટુંબમાં, અમદાવાદમાં રહેતા, ૧૮ વર્ષથી વધુ વયના યુવાન પુત્ર હોય અને જ્ઞાતિમંડળના સભ્ય ન થયા હોય તો તેમણે મંડળની ઓફિસે પધારી આજીવન સભ્યપદ મેળવી લેવા નમ્ર વિનંતી. વાર્ષિક સભ્ય હોય તેમણે આજીવન સભ્યપદ મેળવી લેવા નમ્ર વિનંતી.

કાયમી સાધર્મિક સહાય યોજના અંતર્ગત, સાધર્મિક પરિવારોને ખાદ્યસામગ્રીની સાથે, આર્થિક સહાયરૂપે રોકડ રકમ આપી શકાય છે. આપના તરફથી મળેલ રકમ કુટુંબદીઠ મોકલી આપવામાં આવશે. સૌ જ્ઞાતિ બંધુઓને અનુકંપા દાનરૂપે આ લાભ લેવા વિનંતી છે.

મેડીકલ સહાય સ્કીમ અંતર્ગત દર મહિને બે ગુરુવારે ડૉ. શ્રીમતી શ્વેતાબેન આર. શાહ હોમિયોપેથીક માર્ગદર્શન અને નિ:શુલ્ક દવા આપે છે. તેના મેસેજ સંસ્થા દ્વારા વોટ્સએપથી આપવામાં આવે છે. આ સેવાનો લાભ લેવા સૌને વિનંતી છે.

સમ્યગ્જ્ઞાન પ્રસાર નિધિ અંતર્ગત પાઠશાળા કાર્યરત છે. ધાર્મિક શિક્ષક શ્રી હિતેષભાઈ પ્રતિક્રમણના સૂત્રો અર્થ સહિત અને શુદ્ધ ઉચ્ચાર કરાવીને સમજાવે છે. જીવ-વિચાર સરળ ભાષામાં સમજાવે છે. આપ સૌને પાઠશાળાનો લાભ લેવા વિનંતી છે.

ભાવેશભાઈ એમ. શાહ-માનદ્‌મંત્રી ● રમેશભાઈ સી. શાહ-સહમંત્રી

# બદલાયેલા સરનામા

**આજીવન સભ્ય**

**હાર્દિક અશોકભાઈ શાહ........................(મોટપ)**
૪૦૧, વિક્ટોરીયા એવન્યુ, ધરણેધર બંગ્લોઝની પાછળ, નવા નરોડા, અમદાવાદ-૩૮૨૩૪૬. મો.: ૯૭૨૫૧૮૭૬૯૯







પધારો... **૧૭૮ વર્ષ પ્રાચીન જૈન તીર્થ ભાલક** પધારો...



જ્યાં ચાર તીર્થોના તીર્થપતિઓ મૂળનાયક બિરાજમાન છે

(૧) હઠીસિંગના દેરાના શ્રી ધર્મનાથ ભગવાન
(૨) શત્રુંજય ગિરિરાજના શ્રી આદિનાથ ભગવાન
(૩) શંખેશ્વર તીર્થના શ્રી પાર્શ્વનાથ ભગવાન
(૪) તારંગા તીર્થના શ્રી અજિતનાથ ભગવાન

ચારે તીર્થોનું સંગમ સ્થળ
એટલે ભાલક...

**તેમજ બીજા અતિપ્રાચીન નવપ્રતિમાજી**
સન્મુખ ઉભા ઇન્દ્રમહારાજાના સ્વરૂપમાં પત્થરમાંથી બનેલ
શ્રી માણિભદ્રદાદાની અલભ્ય પ્રતિમા બિરાજમાન છે.

યુવાહૃદય સમ્રાટ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમરત્નસૂરીશ્વરજી મ.સા.નું જન્મસ્થળ છે જ્યાં ભવ્ય ગુરૂમંદિર આવેલ છે.
જ્યાં ગુરુની અનેરી ઉર્જા પ્રસરી રહેલ છે ત્યાં પ્રદક્ષિણા આપવાનું ચુકશો નહિ.

પાંજરાપોળ - કલાત્મક ચબુતરો - વિશાળ ઉપાશ્રય - ધર્મવિહારધામ- સાંસ્કૃતિભવન - અતિથિ સત્કારગૃહની અવશ્ય મુલાકાત લો..

**આનંદો... આનંદો ... આનંદો**

તા.૧-૪-૨૪ થી ધર્મનગરી ભાલક મુકામે ૧૫ થી વધુ સંખ્યામાં સામુહિક યાત્રા મંડળો પધારે અને સ્નાત્રપૂજા ભણાવે તે દરેક મંડળને સંખ્યાની પ્રમાણે સુયોગ્ય ભેટ

:: નવકારશીના લાભાર્થી ::
**શ્રીમતી વીણાબેન સુધીરકુમાર શાહ (ભાલક-પુના)**

:: પ્રભાવનાના લાભાર્થી ::
રૂા.૫૦ શ્રીમતી સુશીલાબેન ભોગીલાલ શાહ
રૂા.૫૦ શ્રીમતી પુષ્પાબેન હિંમતલાલ શાહ

:: દરેક મંડળની સુયોગ્ય ભેટ ::
**શ્રી દિલીપભાઈ ભોગીલાલ શાહ**

(દાતાઓ ઈચ્છે ત્યાં સુધી સ્કીમ ચાલુ રહેશે)

**નવકારશી - બપોરનું જમવાનું - ચૌવિહારની વ્યવસ્થા છે.**

**અગત્યની નોંધ :** ભાલક તીર્થમાં દરરોજ સેવાપૂજા અને સ્નાત્રપૂજા સમુહમાં થાય તે હેતુથી કેટલીક પ્રોત્સાહક યોજના સંઘે શરૂ કરેલ છે. A.C/or Non A.C. રૂમની સગવડ.

**ખાસ નોંધ : આપ જ્યારે આવવાના હોય ત્યારે ૨ દિવસ અગાઉ જાણ કરવા વિનંતી જેથી વ્યવસ્થામાં સુગમતા રહે.**

સંપર્કસૂત્ર:

**અમદાવાદ**
ભાઈલાલભાઈ: 9825581976
ભાવેશભાઈ: 9427702080

**ભાલક**
સુરેશભાઈ : 9974200378
મુકેશભાઈ : 8160903045
રમેશભાઈ : 8980443087 મેનેજર

અમદાવાદ થી વાયા ગાંધીનગર - ગોઝારીયા - વિસનગર - ભાલક (૧૦૦ કિમી.)
ભાલક સાથે વડનગર, તારંગા, વાલમ અને વિસનગર પંચતીર્થ યાત્રા થઈ શકશે.

સેવા
સહકાર
સંકલન
સંગઠન

# સંપાદકિય

દુ:ખનો સ્વિકાર કરવો
એજ દુ:ખમાંથી બહાર નીકળવાનો
સૌપ્રથમ માર્ગ છે.

---

"વખાણ" કરનાર
તમારી "સ્થિતિ" જૂએ છે.
જ્યારે "ચિંતા" કરનાર
તમારી "પરિસ્થિતિ"...

---

શીયાળામાં
લોહી વહેતું રાખે
એ માટે
એક તાપણું જોઈએ,
અને
લાગણી વહેતી રાખે
એ માટે
એક આપણું જોઈએ...

---

પૈસાથી કમાયેલી વસ્તુ કરતાં,
સ્વભાવથી કમાયેલા સંબંધો
વધારે આનંદ આપે છે.

---

તમે ઓળખાવ છો નામથી,
પણ તમને યાદ કરાય છે
તમારા સ્વભાવથી.

---

આત્મવિશ્વાસ એ નથી કે
તમને બધાં જ
સવાલના જવાબ આવડતા હોય,
પણ..
આત્મવિશ્વાસ એ છે કે
તમે દરેક સવાલનો
સામનો કરવા તૈયાર હોવ.

---

બધાં રસ્તામાં તકલીફ હોય છે
અને
બધી તકલીફના રસ્તા પણ હોય છે.
પરંતુ પ્રયત્ન પોતાને કરવો પડે

---

પદથી મળતી પ્રતિષ્ઠાનો
સમય મર્યાદિત છે પણ,
વ્યકિતત્વથી પ્રાપ્ત થતી પ્રતિષ્ઠા
આજીવન છે.

---

મીઠું મધ બનાવનારી મધમાખી પણ
ડંખ મારતાં ચુકતી નથી,
એટલા માટે હંમેશા જાગૃત રહેવું
મીઠું બોલવાવાળા પણ 'હની' નહીં
પણ, 'હાની' આપી શકે છે.

---

સફળતા હમેશા સમય માંગે છે
અને સમય હમેશા ધીરજ માંગે છે.

---

માનવ પણ કમાલ નો છે
નાટક ના કલાકારોના
દુ:ખ-દર્દ જોઈ રડી પડે છે
પરંતુ
અસલમાં લોકોના
સાચા દુ:ખ-દર્દ ને નાટક સમજે છે

---

પ્રેરણા પ્રોત્સાહન અને પ્રયાસ..
આ ત્રણ શબ્દો આપણું જીવન
બદલી નાખે છે.

---

જીભ પરની ઈજા
સૌથી પહેલા રુઝાય છે
એવું મેડીકલ સાયન્સ કહે છે,
પણ જીભથી થયેલી ઈજા
જીવનભર રુઝાતી નથી
એવું અનુભવ કહે છે..!!

---

સમય કોઈનો સગો થતો નથી
પરંતુ
લોકો સમય જોઈને સગા થાય છે.

---

ખરાબ સમય
બે પ્રકારના હોય છે
એક રડતા શીખવાડે
અને બીજો લડતા શીખવાડે.

---

અપેક્ષા સમાપ્ત થાય છે
ત્યારે શાંતિ ની શરૂઆત થાય છે.

---

કોઈનું સારું થાય એ માટે
ભોગ આપવો એ
છપ્પન ભોગ કરતા પણ
મહત્વનો ભોગ છે.

---

પૈસાના અભાવના લીધે
કેટલાયના
ભણતર છૂટતાં જોયાં છે,
પરંતુ
પૈસાના અભાવના લીધે
કોઇના વ્યસન છૂટતાં જોયાં નથી.

---

વાણી અને વિચાર ઉપર
માણસની પ્રગતિનો આધાર છે,
જો સારું બોલશો
તો સહું સાથ આપશે
અને
સારું વિચારશો તો
કુદરત સાથ આપશે.

---

મનપસંદ મળે તે નસીબદાર
પરંતુ
મનને પસંદ બનાવે તે સમજદાર.

---

જિંદગી એટલું તો શીખવાડી ગઈ,
સબંધ બધાં સાથે રાખો
પરંતુ
અપેક્ષા કોઈ પાસે નહી.

---

જિંદગી કઠિન છે,
એમાં જવાબ શોધવામાં સમય
બગાડવો નહીં
જ્યારે જવાબ મળે ત્યારે જિંદગી
સવાલ બદલી નાખે છે.

---

અરીસામાં મુખ
અને
સંસારમાં સુખ હોતું નથી
માત્ર દેખાય છે.

---

સબંધ સાચવવા અઘરા નથી હોતા
પરંતુ
સબંધની સાથે જોડાયેલા અલગ
અલગ વિચારો ને સાચવવા
અઘરા હોય છે.

---

માણસ કહે છે
પૈસા આવે તો કાંઈક કરું
પરંતુ પૈસા કહે છે
તું કાંઈક કરે તો હું આવું.

પ્રમોદ એન. ગાંધી-સંપાદક ● બકુભાઈ સી. ગાંધી-સહસંપાદક

# SEEING IS BELIEVING, JUST VISIT US



KINGS MARVELA @KINGS VILLA

KV

*Villa*
Inspired by
**European Architecture**

**Gift your loved one**
**A dream villa**
**@ Kings Marvela**

**LAND SIZE : 800 - 3000 SQ. YD.**
**CONSTRUCTION : 300 & 675 SQ. YD.**











(SCAN FOR VIDEO)

**76000 71203 / 07, 99242 22538**

WEBSITE : (WWW.KINGSVILLA.IN)

***FULLY FURNISHED VILLA (PROJECT BY KINGSVILLA)***
***(ENJOY THE EXOTIC LIVING, DERASAR & KINGS CLUB IN VICINITY)***



KINGS ABODE @KINGS VILLA

KV

**Villa**
Inspired by
**Modern Architecture**

**Gift your loved one**
**A dream villa**
**@ Kings Abode**

LAND SIZE : Aprox 700 - 1700 SQ. YD.
CONSTRUCTION : Aprox 200 SQ. YD.





## OTHER AMENITIES

CLUB | DERASAR | WATER PARK | ATV BIKE| RESTAURANT | BANQUET
RAIN DANCE FLOOR | GAMING ZONE & MANY MORE...

## OTHER ATTRACTIVE PROJECTS

KINGS CASTLE
KINGS AURA
KINGS GLORY
KINGS LEGACY

(SCAN FOR LOCATION)

**76000 71203 / 07, 99242 22538**

**KINGSVILLA, OPP. BAVLA WATER TANK.**
**NEAR ADRODA VILLAGE (7 KM FROM BAVLA)**

## સમ્યગ્જ્ઞાન પ્રસાર નિધી ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**



પ્રવિણાબેન બકુભાઈ ગાંધી
(સમોડા) અમદાવાદ

અત્તરનું પુમડું પણ સર્વત્ર
સુવાસ ફેલાવી વાતાવરણને સંગીન
બનાવવા સક્ષમ હોય છે.

શ્રીમતી પ્રવિણાબેન બકુભાઈ ગાંધી આપણા અમદાવાદ જ્ઞાતિ મહિલા મંડળમાં હાલ પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે. સમોડા નિવાસી શ્રી છગનલાલ ઉમેદચંદ ગાંધીના પુત્રવધુ થવાનું તેમને સૌભાગ્ય પ્રાપ્ત કરેલ છે. પિતાશ્રી પોપટલાલ જેશીંગભાઈ શાહ (રણુંજ) અને માતાશ્રી ચંદનબેન પાસેથી સ્નેહ અને સંસ્કારનો વારસો પ્રાપ્ત કરેલ છે. શ્રીમતિ પ્રવિણાબેન ધર્મપરાયણ, ઉચ્ચ વિચારો ધરાવે છે, અને સત્કાર્યોક્ષેત્રે સતત જાગૃત અને કાર્યશીલ રહી જ્ઞાતિ મહિલા મંડળમાં વર્ષોથી અનેકવિધ હોદ્દાઓ શોભાવી સૌના આત્મિય સ્વજન બન્યા છે. સોનામાં સુગંધ મળે તેમ અમદાવાદ જ્ઞાતિમંડળના માનનિય પ્રમુખશ્રી બકુભાઈ ગાંધીના ધર્મપત્ની હોવાના નાતે તટસ્થ રીતે વહીવટી તંત્ર સંભાળવામાં તેઓ સફળ થયા છે. ઉપરાંત સમગ્ર પરિવારને ધર્મના સંસ્કારોનું સિંચન આપી રહ્યા છે. સત્કાર્યોક્ષેત્રે પતિ-પત્ની બન્ને એકાબીજાને પ્રેરણા અને હૂંફ આપી રહ્યા છે. તેઓએ અગાઉ રૂા.૧૧૦૦૦/- સમ્યગ્જ્ઞાન પ્રસાર નિધી ક્ષેત્રે આપેલ છે. તેમાં ઉદારતા પૂર્વક બીજા રૂા.૧૦૦૦૦/-નો ઉમેરો કરી રૂા.૨૧૦૦૦/-ની રકમના દાતા બન્યા છે.

## શૈક્ષણિક સહાય યોજના ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**



વિમળાબેન નટવરલાલ શાહ
(લાછડી)

નટવરલાલ ભોગીલાલ શાહ (લાછડી) અમદાવાદ પરિવારના મોભી વિમળાબેન નટવરલાલ શાહ તરફથી શૈક્ષણિક સહાય ક્ષેત્રે કાયમી દાન રૂા.૨૧૦૦૦/- મળેલ છે. સમાજમાં શિક્ષણનું મહત્વ છે. અને એજ પાયા ઉપર આપણા જ્ઞાતિ મંડળની રચના થયેલ છે. શિક્ષણથીજ સમાજની ઉન્નતિ થાય છે. આવા તેમના સિદ્ધાંતોને તેમનો પુત્ર જીતેન્દ્રભાઈ, પુત્રવધુ અલકાબેન, પૌત્ર સંકેત, પૌત્રવધુ ઋષિકાબેન, પ્રપૌત્ર કરણ પોષણ આપે છે. એ ગૌરવની અને આનંદની વાત છે. જ્ઞાતિ મંડળ આ દાન સ્વિકારી આ પરિવારને શુભેચ્છા પાઠવે છે.

### નવકારનું સ્મરણ

નવકાર મંત્ર સર્વ મંત્રોમાં શિરોમણી છે. જીવનમાં વારંવાર એનું સ્મરણ જરૂરી છે. મરણ સમયે તો ખાસ. શ્રાવકના જીવનમાં આંખ ખોલીને જાગે ત્યારે નવકાર ગણવાનું વિધાન છે અને આંખ મીંચીને સુએ ત્યારે નવકાર ગણીને સુવાનું ફરમાન છે. નવકારને મનમાં સતત રાખો. પળભર પણ છેટો ન મૂકો. શિવસુખનું ફળ આપનારો આ આંબો છે. એનો જાપ દુર્ગતિનો નાશ કરે છે. ચૌદપૂર્વનો સાર છે. ભાવપૂર્વક એનું વારંવાર સ્મરણ કરો.

## સાધર્મિક સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૫૧૦૦/-**



સ્વ.રેણુંકાબેન દિલીપભાઈ શાહ
(ખરોડ- હાલ:અમદાવાદ)

'મા' એટલે... ગુરુ,
'મા' એટલે કલ્પવૃક્ષ,
'મા' એટલે સુખનો સાગર,
'મા' એટલે અમૃતની ધાર,
'મા' એટલે પ્રેમની યુનિવર્સીટી

ખરોડ નિવાસી શ્રી અમીતભાઈ દિલીપભાઈ શાહ તેમજ જામીનીબેન આલાપકુમાર શાહે પૂજ્ય માતુશ્રી સ્વ.રેણુકાબેન તથા પૂજ્ય મોટાભાઈ સ્વ.પ્રિયંકભાઈ દિલીપભાઈના આત્મશ્રેયાર્થે પરમાત્મા ભક્તિસ્વરૂપ મહામંગલકારી શ્રી સિધ્ધચક્ર મહાપૂજન તા.૨૮-૦૪-૨૦૨૪ના રોજ ભણાવવાનું આયોજન કરેલ છે. આ ધાર્મિક અનુષ્ઠાન પ્રસંગે મંડળ દ્વારા ચાલતી સાધર્મિક સહાય યોજનામાં તેઓશ્રી તરફથી રૂા.૫૧૦૦/-નો આર્થિક સહયોગ મળ્યો છે. માતા તેમજ મોટાભાઈ પ્રત્યેનો આદર વ્યક્ત કરવાનો તેમજ વાત્સલ્યઋણ આંશિક રીતે ચૂકવવાનો સોનેરી અવસર પ્રાપ્ત કર્યો છે. સ્વ. રેણુકાબેન સ્વભાવે સરળ, શાંત, નિખાલસ, મિલનસાર અને ધર્મપ્રેમી હોવાથી સમગ્ર પરિવારને એક તાંતણે બાંધી પરિવારમાં ખૂબ જ લોકપ્રિય બન્યા હતા. સ્વ.પ્રિયંકે નાની ઉંમરમાં ઉચ્ચ અભ્યાસ કરી યશસ્વી કારકીર્દિ બનાવી હતી. આવા ધર્માનુરાગી દાતાશ્રીને-પરિવારને તેમની સમાજલક્ષી સદ્ભાવના બદલ અભિનંદન પાઠવીએ છીએ.

---

**રૂા.૫૧૦૦/-**



સ્વ.જેઠાલાલ મોહનલાલ શાહ
(ખરોડ- હાલ:અમદાવાદ)

જાહેરમાં પ્રેમ કરે તે 'મા' દિલથી પ્રેમ કરે તે 'પિતા',
આંખથી રડે તે 'મા', અંતરથી રડે તે 'પિતા',
લાગણી પૂરી કરે તે 'મા', માંગણી પૂરી કરે તે 'પિતા'.

ખરોડ નિવાસી શ્રી દિલીપભાઈ જેઠાલાલ શાહે પૂજ્ય પિતાશ્રી સ્વ.જેઠાલાલ મોહનલાલ શાહ અને માતુશ્રી કલાવતીબેન જેઠાલાલ શાહના આત્મશ્રેયાર્થે પરમાત્મા ભક્તિ સ્વરૂપ મહામંગલકારી શ્રી સિધ્ધચક્ર મહાપૂજન તા.૨૮-૦૪-૨૦૨૪ના રોજ ભણાવવાનું આયોજન કરેલ છે. આ ધાર્મિક પ્રસંગે અનુષ્ઠાન પ્રસંગે મંડળ દ્વારા ચાલતી સાધર્મિક સહાય યોજનામાં તેઓશ્રી તરફથી રૂા.૫૧૦૦/-નો આર્થિક સહયોગ મળ્યો છે. પિતૃઋણ અને માતૃઋણ તો સ્વયં ભગવાન પણ ચૂકવી શકતા નથી. વાસણા ખાતે આપણા જ્ઞાતિ હોલનું ભૂમિપૂજન સ્વ.જેઠાલાલે કરેલ. સને ૧૯૯૨માં ટાઉનહોલ ખાતે યોજાયેલ સ્નેહ મિલન/ઈનામી મેળાવડામાં સ્વાગત પ્રમુખ તરીકે રહી પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય ફંડમાં સહભાગી થયા હતા. તેમના જીવનસંગની શ્રીમતી કલાવતીબેનનો ઉમદા સંગાથ સાથે પગલે પગલે પ્રોત્સાહક બની રહ્યો હતો. શ્રી દિલીપભાઈ શાહની સેવાઓ આપણા મંડળમાં નોંધપાત્ર રહી છે અને હાલમાં ઈન્ટરનલ ઓડીટર તરીકે સેવા આપી રહ્યા છે. તેમના પિતાશ્રીના સેવાકીય સંસ્કારોને જીવંત રાખી રહ્યા છે. આ પરિવારની સમાજ પ્રત્યેની સદ્ભાવનાને અમો બિરાદાવીએ છીએ.

**શ્વાસ છૂટવો એ જ મૃત્યુ નથી**
**વિશ્વાસ તુટવો એ પણ મૃત્યુ છે.**

## સ્મરણાંજલિ....



# સ્વ. મંજુલાબેન ચીનુભાઈ શાહ

(ભાલક) હાલ : અમદાવાદ

જન્મ તા. ૧૫-૦૯-૧૯૩૯ ● સ્વ. તા. ૦૫-૦૪-૨૦૨૪

જીવન..... અને એના એક સાચા પ્રતીકને અમારા નમન...
સાહસ, સેવા, સમર્પણની, સાક્ષાત મૂર્તિને અંતર ભૂમિમાં
સ્મરણા રૂપે આપનું નામ સદાય ધબકતું રહો.
કોટી કોટી વંદન

રાજેશ ચીનુભાઈ શાહ
હેમા રાજેશ શાહ
રોમીલ રાજેશ શાહ
અનાલી રોમીલ શાહ
(ભાલક - હાલ: અમદાવાદ)
રવીકુમાર વસંતભાઈ શાહ
રીમા રવીકુમાર શાહ
(કમાણા - હાલ: અમદાવાદ)

બીરેન ચીનુભાઈ શાહ
અમી બીરેન શાહ
જશ બીરેન શાહ
યશ બીરેન શાહ
(ભાલક - હાલ: અમદાવાદ)

રમેશકુમાર રસીકલાલ શાહ
પ્રજ્ઞા રમેશકુમાર શાહ
સાવન રમેશકુમાર શાહ
નમ્રતા સાવન શાહ
(ઉનાવા - હાલ: અમદાવાદ)
સુહાની શૈશવકુમાર શાહ
સોનાલી યાત્રીકકુમાર શાહ

હેમંતકુમાર રમણલાલ શાહ
રૂપા હેમંતકુમાર શાહ
બંસરી શ્રેયકુમાર શાહ
ધ્વની હેમંતકુમાર શાહ
(બોરીયાવી - હાલ : અમેરીકા)

'ડૉક્ટર, ઘવાયેલા હૃદયે વળી માવજતનાં લાડ લડાવવાની શી જરૂર છે?' દીપક અનાયાસે જ કાલિંદીને પૂછી બેઠો.

'દીપક, ડોન્ટ ટેઈક ઈટ ઈઝી... તારા હૃદયની નળીઓ જો આ રીતે જ બ્લોક થતી રહેશે તો ભવિષ્યમાં બાયપાસ કરાવવી પડશે.' ડૉ.કાલિંદીએ ચેતવણીના સૂરમાં કહ્યું.

'ડૉ.કાલિંદી, મારા જીવનમાંથી તમે બાયપાસ થઈ ગયા પછી હવે મને દુનિયાની કોઈ બાયપાસ કરાવી નહીં શકે.'

સ્ટેથોસ્કોપ વડે દીપકના હૃદયના ધબકારા માપતી વખતે અનાયાસે જ કાલિંદીથી દીપકની આંખમાં જોવાઈ ગયું. કાલિંદીને લાગ્યું કે દીપકનું હૃદય આજે પણ પોતાના માટે એટલું જ ધબકે છે જેટલું બે દાયકા પહેલાં ધબકતું હતું. દીપકની આંખમાં પોતાનું પ્રતિબિંબ જોઈને કાલિંદી બે દાયકા પહેલાંના ફ્લેશબેકમાં સરી પડી....

તે દિવસે બારમા ધોરણનું પરિણામ ઘોષિત થતું હતું. કાલિંદીનો બોર્ડમાં આઠમો નંબર આવ્યો હતો. જ્યારે દીપક નાપાસ થયો હતો.

'કાલિંદી, મને લાગે છે કે મારા રિઝલ્ટનું દુ:ખ મારા કરતાં તને વધારે થયું છે.'

'હા, દીપક, તારા રિઝલ્ટનું દુ:ખ મારા રિઝલ્ટના આનંદ પર સવાર થઈને બેસી ગયું છે.' કાલિંદીએ ગળગળા અવાજે કહ્યું હતું.

'કાલિંદી, બોર્ડની પરીક્ષા કાંઈ જીવનની અંતિમ પરીક્ષા નથી. હજુ તો જીવનમાં ઘણી બધી પરીક્ષાઓનો સામનો કરવાનો આવશે. આવી નાની અમથી નિષ્ફળતાથી દુ:ખી થવાને બદલે ચાલ આપણે અત્યારે તારા રિઝલ્ટને કોઈ રેસ્ટોરન્ટમાં એન્જોય કરીએ.'

કાલિંદીએ નારાજગીથી દીપકની સામે જોયું.

દીપક કાલિંદીની નારાજગી સમજી શક્યો હતો. તેમ છતાં તેણે કાલિંદીનો હાથ પકડીને ફરીથી કહ્યું... 'ચાલને ડાર્લિંગ, આપણે વુડલેન્ડમાં પાર્ટી કરીએ.'

કાલિંદીએ દીપકના હાથમાંથી પોતાનો હાથ છોડાવીને જોરથી દીપકના ગાલ પર લાફો ઝીંકી દીધો.

'દીપક, મને દુ:ખ એ વાતનું છે કે તું તારી કેરિયર બાબતે બિલકુલ સિરયસ નથી.'

'અરે, પણ તેમાં હાથ શા માટે ઉપાડે છે? મારી કેરીયરની વાત છોડ, તારી તો હવે કેરિયર નક્કી થઈ જ ગઈ છે ને?' ભવિષ્યમાં ડૉ.કાલિંદીની ગણના શહેરના નામાંકિત ડૉકટરોમાં થઈ રહી હશે... મેડિકલમાં એડમિશન તો તને સરળતાથી મળી જ જશે.'


'હા, હું તો ડૉક્ટર બનીશ જ અને તું?' કાલિંદીના અવાજમાં હજું પણ નારાજગી હતી.

'હું તો પાગલ છું જ', દીપકે આંખ મિચકારીને કહ્યું. 'તારા પ્રેમમાં પાગલ એટલે મને તો તારા પેશન્ટ બનવાનું જ વધારે ગમશે.' દીપક હજુ પણ મજાકના મૂડમાં જ હતો.

'દીપક, જીવનને ક્યારેક તો ગંભીરતાથી લેતાં શીખ.' કાલિંદીએ ભારપૂર્વક કહ્યું હતું.

'કાલિંદી, જીવનને જે ગંભીરતાથી લે છે તે ગણતરીઓના ચક્કરમાં પડી જાય છે અને જીવન ક્યારેય કોઈ ગણતરી પ્રમાણે ચાલતું જ નથી.'

## અગ્નિ પરીક્ષા



'એટલે?'

'એટલે એમ કે જીવન એક એવી નાવ છે, જે સમુદ્રના કયા કિનારે જઈને અટકશે તેની અટકળ કોઈ કરી શકતું નથી.'

'તું કહેવા શું માગે છે, દીપક?'

'કાલિંદી, ગણતરી કરીને ચાલનારાં કદાચ બોર્ડની પરીક્ષામાં સારો રેન્ક લાવી શકે છે પરંતુ જીવનની પરીક્ષામાં નાપાસ થઈ શકે છે.'

'મારે તારી ફિલોસોફી સાંભળવી નથી.' કાલિંદી ગુસ્સે થઈને પગ પછાડીને માત્ર બગીચામાંથી જ નહિ પરંતુ દીપકના જીવનમાંથી પણ વિજળીવેગે નીકળી ગઈ હતી. આમ બંને વચ્ચે કિશોરાવસ્થામાં પાંગરેલા પ્રેમ યુવાવસ્થામાં પ્રવેશે તે પહેલાં જ આથમી ગયો હતો.

માણસની ઉંમર ગમે તેટલી વધે પરંતુ કિશોરાવસ્થામાં થયેલ પ્રથમ પ્રેમને તે ક્યારેય ભૂલી શકતો નથી. હૃદયમાં દફનાવેલી એ પ્રેમની મધુર યાદ ક્યારેક વહેલી સવારના ઝાકળની જેમ તો ક્યારેક મોસમના પ્રથમ વરસાદની ભીની માટીની સુગંધની જેમ તેના દિલ અને દિમાગને તરબતર કરી દેતી હોય છે અને તે સમયે તેની આંખોમાં એક ચમક આવી જતી હોય છે! કાલિંદીને પણ અત્યારે દીપકની આંખમાં તે ચમકનો અહેસાસ થઈ રહ્યો હતો.

આજે બે દાયકા પછી દીપકની ભવિષ્યવાણી સાચી પડી હતી. હાર્ટએટેક આવવાને કારણે દીપક કાલિંદીની જ હોસ્પિટલમાં તેના પેશન્ટનાં સ્વરૂપમાં દાખલ થયો હતો.

ડૉ.કાલિંદીનો પતિ ડૉ.અખિલેશ અમેરિકામાં સ્થાયી થઈને ડોલરમાં ધીકતી કમાણી કરી રહ્યો હતો, જ્યારે કાલિંદી પોતાની ઈચ્છા મુજબ ભારતમાં જ રહીને હૃદયરોગનાં દર્દીઓની તદ્દન વાજબી ભાવે સારવાર કરી રહી હતી.

બારમાં ધોરણમાં નાપાસ થયા પછી દીપકે આગળ ભણવાનું છોડી દીધું હતું. બિઝનેસમાં નસીબે તેનો સારો સાથ આપ્યો હતો તેથી બે પાંદડે થયો હતો. તેના પરિવારમાં સુંદર પત્ની અને એક દીકરી હતાં. નાજુક, નમણી અને દેખાવડી દીકરીનું નામ ડોલી હતું. ડોલી માત્ર તેર જ વર્ષની હતી પરંતુ ઉંમરના પ્રમાણમાં ખૂબ જ મેચ્યોર્ડ હતી. માત્ર ત્રણ જ દિવસમાં ડોલીએ પપ્પા સાથે હોસ્પિટલમાં રહીને પકડી પાડ્યું હતું કે પપ્પાને ડૉ.કાલિંદી સાથે ઘણા વર્ષો પહેલાં લવએફેર હતું. બીજા દિવસમાં તો ડોલી ડૉ.કાલિંદી સાથે ખૂબ જ હળીમળી ગઈ હતી.

'દીપક, તને એડમિટ થયાને પાંચ દિવસ થયા પરંતુ હજૂ સુધી તારી પત્ની હોસ્પિટલમાં આવી નથી.' કાલિંદીએ આખરે જિજ્ઞાસાપૂર્વક દીપકને પૂછી જ લીધું.


'તેનું તો નામ જ મનસ્વી છે, તેના મનમાં આવશે તેમ જ તે કરશે.'

દીપકે વાત ઉડાડતાં કહ્યું.


કાલિંદીને ડોલી પાસેથી ધીમે ધીમે જાણવા મળ્યું કે મનસ્વીને પત્તાનો જુગાર રમવાનું બહું મોટું વ્યસન છે. લેડીઝક્લબમાં તે દીપકના રૂપિયા બેફામપણે ઉડાવે છે. માત્ર એટલું જ નહીં પરંતુ નવા નવા ઉધામા કરીને દીપક સાથે ઝઘડા પણ કરે છે.

કાલિંદીને દીપકની દયા આવી


## અવસાન-શ્રધ્ધાંજલિ



**દેવેન્દ્રભાઈ શાંતિલાલ શાહ**
ગામ : બોદલા
હાલ : મુલુન્ડ
સ્વ. તા.૩૧-૦૩-૨૦૨૪, રવિવાર



**જયશ્રીબેન નરેશભાઈ શાહ**
ગામ : ધીણોજ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૪-૦૪-૨૦૨૪, ગુરુવાર



**મંજુલાબેન ચીનુભાઈ શાહ**
ગામ : ભાલક
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૫-૦૪-૨૦૨૪, શુક્રવાર



**જયંતીલાલ પુનમચંદ શાહ**
ગામ : મોટપ
હાલ : કાંદીવલી(વે.)મુંબઈ
સ્વ. તા.૧૭-૦૪-૨૦૨૪, બુધવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

ગઈ.

એકવાર રાત્રે હોસ્પિટલના સ્પેશિયલ રૂમમાં દીપક એકલો હતો ત્યારે મોકો જોઈને કાલિંદી તેના રૂમમાં પહોંચી ગઈ.

'દીપક, મને ખબર છે, મનસ્વી સાથેના લગ્નમાં તું ઠર્યો નથી, તું ખૂબ જ દુ:ખી છે, મનસ્વી તને ત્રાસ આપે છે.'

'કાલિંદી, મારી વાત છોડ, તું તો સુખી છે ને? તારો પતિ ડૉ.અખિલેશ અમેરિકામાં દરરોજ હજારો ડોલર કમાય છે.'

'દીપક, દુનિયા ભલે મને સુખી માને પરંતુ સાચી વાત એ છે કે ઘવાયેલા હૃદય સાથે હું હૃદયના રોગોની સારવાર કરું છું.'

'એટલે?' દીપકે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'એટલે એમ કે અખિલેશ સાથે મારાં એરેન્જડ મેરેજ થવાનું મુખ્ય કારણ એક જ હતું કે તે ડૉક્ટર હતો. લગ્ન પછી મને જાણવા મળ્યું કે તેને અમેરિકાનું ઘેલું હતું. તેને તાત્કાલિક કરોડપતિ બનવું હતું. અમારા વિચારો વચ્ચે જમીન આસમાનનું અંતર હતું. તેને અમેરિકામાં સેટલ થવું હતું જ્યારે મારે ભારતમાં રહીને જ સેવાનો યજ્ઞ ચાલુ કરવો હતો. અમારો આ એક માત્ર વૈચારિક મતભેદ મનભેદમાં પરિણમ્યો જેને પરિણામે અખિલેશે મને છોડી દીધી.'

'વ્હોટ?' મેં તો સાંભળ્યું છે કે અખિલેશે મોકલેલા રૂપિયાને કારણે તું આવડી મોટી હોસ્પિટલની માલિક છો.'

'હા દીપક, શરૂઆતમાં તેણે અમુક રકમ મોકલેલી જેને કારણે હું આ હોસ્પિટલ માટે પ્લોટ ખરીદી શકી હતી, અને ખુશ થઈ ગઈ હતી પરંતુ મારી તે ખુશી લાંબો સમય ટકી શકી નહોતી, કારણ કે ત્યારબાદ અખિલેશે મારી સાથેનો સંપર્ક તોડી નાંખ્યો હતો. મેં બેંકમાંથી લોન લઈને આ બિલ્ડીંગ બંધાવ્યું' અને પાંચેક વર્ષની મારી અથાગ મહેનત અને તપસ્યાને કારણે આ હોસ્પિટલનું નામ શહેરમાં જાણીતું થયું. હું એવી આશામાં જીવી રહી હતી કે ક્યારેક મને સાથ આપવા માટે અખિલેશ ઈન્ડિયા પરત આવશે પરંતુ મારી તે આશા ઠગારી નીવડી.

અચાનક મને જાણવા મળ્યું કે અમેરિકામાં અખિલેશ બીજા લગ્ન કરીને એક બાળકનો પિતા પણ બની ચૂક્યો છે. હૃદયરોગના દર્દીઓની સારવારનો મારો આ યજ્ઞ જો ચાલુ ન હોત તો હું ખરેખર તૂટી ગઈ હોત.' કાલિંદીના અવાજમાં દર્દ હતું અને આંખમાં આંસુ.

બંને વચ્ચે મૌન પથરાઈ ગયું. કાલિંદી ઊંડો શ્વાસ લઈને બોલી, 'દીપક, તારી વાત સાવ સાચી હતી. જીવનની નાવ સમુદ્રના કયા કિનારે જઈને અટકશે તેની અટકળ કોઈ કરી શકતું નથી.'

કાલિંદીની વાત સાંભળીને દીપક મનમાં જ વિચારી રહ્યો... હસ્તમેળાપ માટે પાંચ મિનિટનો સમય પણ નથી લાગતો, જ્યારે મનમેળાપ માટે ક્યારેક આખી જિંદગી પણ ઓછી પડે છે!

દીપકને ઊંડા વિચારમાં પડી ગયેલો જોઈને એકા એક કાલિંદીએ દીપકનો હાથ પકડીને કહ્યું. 'દીપક હજુ આપણે ચાલીસે પહોંચ્યા નથી, તું પણ તારી પત્નીના કકળાટથી ત્રસ્ત છે... તું તેને છોડીને મને અપનાવી લે તો હું ડોલીને પણ અપનાવવા તૈયાર છું.'

દીપક કાલિંદીના હાથના સ્પર્શની હૂંફ અનુભવી રહ્યો અને મનમાં વિચારી રહ્યો... આ એ જ હાથ છે, જેને પામવા માટે બે દાયકા પહેલાં તે આખી દુનિયા સામે ઝઝૂમવા તૈયાર હતો! દીપકે મનને મક્કમ કરીને મહાપરાણે કાલિંદીના હાથમાંથી પોતાનો હાથ છોડાવ્યો.

'કાલિંદી, મને તારા પ્રત્યે સહાનુભૂતિ છે, મનસ્વીનો ત્રાસ અસહ્ય છે તે વાત પણ સાચી છે, પરંતુ લગ્નજીવનનાં મનસ્વી સાથેનાં કમિટમેન્ટનું શું? વળી, હું તેને છોડી દઉં તો મારામાં અને તારા પતિ અખિલેશ વચ્ચે ફરક શું?'

'દીપક, તું સમજતો કેમ નથી? મારા અને અખિલેશ વચ્ચેના બ્રેક-અપનું મુખ્ય કારણ મારી ઈન્ડિયામાં જ રહેવાની જીદ પણ જવાબદાર હતી.'

'ગમે તે હોય કાલિંદી, લગ્નને ફૂલોની સેજ સમજવાની ભૂલ ક્યારેય ન કરવી જોઈએ.'

'એટલે?' કાલિંદી એ પૂછ્યું.

'એટલે એમ કે, લગ્નને ફૂલોની દુકાન સમજવી જોઈએ... જેમ ફૂલોની દુકાનમાં જનાર દરેક વ્યક્તિ હારની જ માંગણી કરે છે તેમ લગ્ન જીવનમાં પણ જે વ્યક્તિ હાર મેળવવા માટે ઉત્સુક હોય તેનું લગ્નજીવન ટકી જતું હોય છે.'

કાલિંદી દીપકની વાત સાંભળીને ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગઈ.

દીપકે પોતાની વાતનો દોર સાંધતા આગળ કહ્યું ... 'કાલિંદી, જ્યારે પતિ-પત્ની અલગ પડે છે ત્યારે સમાજ એ ક્યારેય નથી જોતો કે કોનો વાંક વધારે છે. સમાજને તો માત્ર કુથલી કરવામાં જ રસ હોય છે. વળી એ વાત તો જગજાહેર છે કે સમાજે તો ભગવાન રામ અને સીતાજીને પણ છોડ્યાં નહોતાં.'

'દીપક, તું વળી સમાજની પરવા કરતો ક્યારથી થઈ ગયો?' કાલિંદીએ કટાક્ષ કર્યો.

'મેં સમાજની પરવા ક્યારેય કરી જ નથી.' દીપક મક્કમતાથી બોલ્યો.

'તો પછી એમ કહેને કે તને સમાજનો ડર લાગે છે.'

'કાલિંદી, મને ડર લાગે છે પરંતુ

સમાજનો નહિ બલ્કે મનસ્વીને છોડીશ તો ભવિષ્યમાં મારો અંતરઆત્મા ડંખશે તેનો ડર લાગે છે. કારણ કે નિકટના સંબંધમાં હંમેશા ભૂલોનું પ્રમાણ વધારે હોય છે અને કરેલી ભૂલોનું પ્રાયશ્ચિત કરવાનો મોકો પણ નસીબદારને જ મળતો હોય છે.... મનસ્વીને પણ જ્યારે પોતાની ભૂલોનો અહેસાસ થશે ત્યારે તે ચોક્કસ જુગાર રમવાનું બંધ કરશે અને અમારા બંને વચ્ચે શાંતિ સ્થપાશે.' દીપકના અવાજમાં ગજબનો આત્મવિશ્વાસ હતો.

'દીપક તું દિવાસ્વપ્નમાં રાચે છે. જે સ્ત્રી હંમેશા પોતાના પતિને તકલીફ થાય તેવું જ વર્તન કરતી હોય તે ક્યારેય પોતાના પતિને માનસિક સુખ આપી શકતી નથી.' કાલિંદીએ દલીલ કરી.

'કાલિંદી, લગ્નજીવનમાં સૌ કોઈ સુખની તલાશમાં જ જીવતાં હોય છે...' એવું સુખ જે માત્ર મૃગજળ જેવું હોય છે, મારી વાત કરું તો હું આ વાત બરોબર સમજુ છું તેથી જ હજુ સુધી તૂટયો નથી પણ ટકી ગયો છું... વળી તારી સાથેના બ્રેક-અપ પછી ઘવાયેલા હ્રદય સાથે જ હું મનસ્વીને પરણ્યો હતો તેથી તેના ખરાબ વર્તનને કારણે મારા હ્રદયને સ્હેજ પણ નુકશાન થયું નથી.'

'તો પછી આ હાર્ટએટેક?' કાલિંદી પૂછી બેઠી.

દીપકે નિખાલસતાથી હસતાં હસતાં પ્રતિપ્રશ્ન કર્યો... 'કાલિંદી, ધરતીકંપમાં જો આખું બિલ્ડિંગ ધરાશયી થઈ ગયું હોય તો તેને આફટરશોકની કેટલી અસર થાય?'

'એટલે?'

'એટલે એમ કે જેણે પ્રેમમાં પછડાટ ખાધી હોય તેના માટે આવા નાના મોટા હાર્ટએટેક તો આફટરશોક જેવા કહેવાય.'

કાલિંદી નિહાળી રહી... દીપક હજુ પણ પહેલાં જેવો જ બિન્ધાસ્ત હતો. જીવનને તેણે ક્યારેય ગંભીરતાથી લીધું જ નહોતું.

'કાલિંદી, મનસ્વીના સ્વભાવને નિભાવીને હું જિંદગી હસતાં હસતાં જીવી લઉં છું. માત્ર એટલું જ નહિ પરંતુ હું એ પણ સારી રીતે સમજું છું કે મારા પણ કેટલાક અવગુણો હશે જેનો મને ખ્યાલ પણ નહિ હોય પરંતુ મનસ્વી તેને અવગણીને મને નિભાવતી જ હશે ને?' બસ માત્ર આ એક જ પોઈન્ટ ઉપર હું તારી પ્રપોઝલ સ્વીકારીને મનસ્વીને તરછોડવા નથી માંગતો... ગમે તેમ તોય મનસ્વી મારી પત્ની છે તેને છોડવાનું તો હું સ્વપ્નમાં પણ વિચારી ન શકું કારણ કે દરેક પત્નીની સાચી સંપતિ તેના પતિની તેના તરફની વફાદારી જ હોય છે.' દીપકના અવાજમાં મક્કમતા હતી.

અચાનક રૂમમાં મનસ્વી અને ડોલી પ્રવેશ્યાં. મનસ્વી દીપકના પગમાં પડી ગઈ. 'દીપક તમારું સાચું સ્વરૂપ તો મને આજે સમજાયું છે. ડોલી સાથે બહાર પરસાળમાં બારી પાસે ઊભા રહીને મેં તમારા બંનેની તમામ વાતો સાંભળી લીધી છે. મારા જેવી જુગારી અને જીદ્દી વલણવાળી પત્ની માટે તમે તમારી એક જમાનાની પ્રેયસીની ઓફરને ઠુકરાવી દીધી તે જ મારું અહોભાગ્ય કહેવાય. દીપક, હું તમને વચન આપું છું આજથી પત્તાં, જુગાર બધું બંધ. તમને ગમશે તેમ જ હું રહીશ.' મનસ્વીની આંખમાંથી અશ્રુધારા વહેતી હતી.

દીપકે નોંધ્યું કે કાલિંદી અને ડોલી એકબીજાને ધીમેથી તાળી આપીને માર્મિક રીતે હસતા હતાં. દીપક તરત સમજી ગયો કે મનસ્વી સુધરી જાય અને પોતાના લગ્નજીવનમાં શાંતિ સ્થપાય તે માટે કાલિંદીએ ડોલી સાથે મળીને નાટક કર્યું હતું, જેના ભાગરૂપે ડોલી મનસ્વીને લઈને સમયસર બારી પાસે ઊભી રહી ગઈ હતી. દીપકને વધારે સમજતાં વાર ન લાગી કે કાલિંદીના પતિ અખિલેશની બીજી પત્ની અને બાળકવાળી વાત પણ કાલિંદીએ ચોક્કસ ઉપજાવી કાઢેલી હોવી જોઈએ.

બીજે દિવસે વહેલી સવારે હોસ્પિટલના સ્પેશ્યલરૂમમાં મનસ્વી ઘસઘસાટ ઊંઘતી હતી ત્યારે ખુલ્લી બારીમાંથી બહાર પરસાળમાં કોઈનો અવાજ સંભળાતાં દીપક ધીમેથી બહાર નીકળ્યો. થોડે દૂર કાલિંદી અને ડોલી ધીમા અવાજે વાતચીત કરી રહ્યાં હતાં. દીપકે ચૂપચાપ કાન માંડ્યા.

કાલિંદીનો સ્પષ્ટ અવાજ સંભળાઈ રહ્યો હતો.... 'ડોલી, આપણે મારા પતિની બીજી પત્ની અને બાળકવાળી જે વાત ઉપજાવી કાઢી હતી તે સાચી માનીને તારા પપ્પાએ મારી સાથે લગ્ન કરવાના મારા પ્રસ્તાવને સ્વીકારી લીધો હોત તો તારી મમ્મીનું શું થાત?'

'આન્ટી, એ શક્ય જ નહોતું કારણ કે મને મારા પપ્પાના મમ્મી પ્રત્યેના પ્રેમ પર અતૂટ વિશ્વાસ હતો. જેમાં મારા પપ્પા સો માંથી સો માર્ક્સ સાથે પાસ થયા છે.' ડોલીના ચહેરા પર આનંદ છલકાતો હતો.

થોડે દૂર ઊભા રહીને બંનેની વાતચીત સાંભળીને દીપકના ચહેરા પર પણ આનંદની લહેર દોડી ગઈ કારણ કે જે અગ્નિની સાક્ષીએ તેણે મનસ્વી સાથે લગ્ન કર્યા હતા તે અગ્નિની જ્વાળાઓ ગઈકાલ સુધી તેને દઝાડતી રહી હતી. હા... આજે તે જ્વાળાઓ ઠરીને રાખ બની ચૂકી હતી જેને કારણે દીપકના હ્રદયમાં એક અજબ પ્રકારની ઠંડક પ્રસરી ગઈ હતી... હા... દીપકના મનસ્વી સાથેના સુખી દામ્પત્યની શુભ શરૂઆત છેક આજે થઈ હતી!

ડૉ.કાલિંદી ધીમા પગલે પોતાના કન્સલ્ટીંગ રૂમમાં પહોંચીને ખુરશી પર જોરથી ફસડાઈ પડી. અનાયાસે જ તેનાથી સામેની દીવાલ પર રાખેલ ડૉ.અખિલેશના ફોટા સામે જોવાઈ ગયું. આજે પ્રથમવાર કાલિંદી સજળનેત્રે પતિના ફોટા સાથે વાર્તાલાપ કરી રહી હતી.

'અખિલેશ, કાશ તમારી બીજી પત્ની અને બાળકવાળી વાત ખરેખર ઉપજાવી કાઢેલી હોત તો કેવું સારું હતું? આજે માત્ર દીપકની જ નહિ પરંતુ મારી પણ અગ્નિપરીક્ષા હતી. દીપકે મારી ખોટી પ્રપોઝલને સાચી માનીને સ્વીકારી લીધી હોત તો કદાચ હું તેના જેટલી મક્કમ ન રહી શકી હોત! બોર્ડની પરીક્ષામાં ભલે હું રેન્કર હતી પરંતુ જીવનની આ અગ્નિપરીક્ષામાં સાચો રેન્કર દીપક સાબીત થયો છે. હા.... તે મારા કરતાં સવાયો સાબિત થયો છે. જીવનમાં દરેક બંધનો ઋણાનુબંધ હોય છે અને દરેક સંબંધ મૃગજળ જેવા હોય છે તે આજે મને દીપક પાસેથી શીખવા મળ્યું છે અને તે આધારે જ હું તમને અત્યારે કહી રહી છું... અખિલેશ, ગમે તેમ તોય તમે મારા પતિ છો. અમેરિકામાં ભલે તમે તમારો અલગ સંસાર વસાવ્યો છે પરંતુ તમારી ખંડિત મૂર્તિ આજે પણ મારા હ્રદયમાં બિરાજમાન છે કારણ કે હું એક ભારતીય નારી છું.'

ઈઝી ચેરને વધુ ઈઝી કરીને કાલિંદીએ બંને આંખો બંધ કરી દીધી ત્યારે બારીની બહાર ઊભા રહીને કાલિંદીને ધ્યાનપૂર્વક સાંભળી રહેલ દીપકે અનાયાસે જ બારીની અંદર નજર કરી તો કાલિંદીના ચહેરા પર ઝળહળતા આત્મગૌરવના તેજને જોઈને તે સ્તબ્ધ થઈ ગયો!.

*સૌજન્ય : મેઘધનુષનો આઠમો રંગ (પુસ્તક)*

R.N.I. Regd. No. : GujGuj/2003/11307 ● Postal Reg. No. : GAMC - 1401/2021-23 Publishing on 1st Date of every Month
Issued by SSP Ahmedabad Valid up to 31-12-2023 ● Posting at P.S.O. Ahmedabad on 1st date of every month
Licensed to Post Without Prepayment No.PMG/NG/102/2021-23 valid up to 31/12/2023







# માથું ભારે... માથા ભારે...

આ જગતમાં બે પ્રકારના માણસો છે.
એક, જેનું માથું સતત ભારે રહ્યાં કરતું હોય છે.
બે, જે સતત માથાભારે બન્યા રહેતા હોય છે.
માથું ભારે રહ્યાં કરવું, એ ભૂતકાલીન કર્મનો ઉદય છે.
જ્યારે માથાભારે બન્યા રહેવું, એ વર્તમાનકાલીન નવા કર્મનો બંધ છે.
જેનું માથું ભારે રહેતું હોય છે, એ માણસ પોતે એકલો દુ:ખી થતો હોય છે.
પણ, જે માથાભારે બની રહેતો હોય છે,
એ એક માણસ અનેક લોકોને દુ:ખી કરતો હોય છે.
માથું ભારે રહેવું એ ભારે કર્મોનું ભારે ફળ છે.
તો આપણે માથાભારે બન્યા રહેવું એ ભારે કર્મોનું ભારે મૂળ છે.
માથું ભારે રહેવાની પરિસ્થિતી શરીરને અસર કરે છે.
જ્યારે માથાભારે બનવાની સ્થિતી મનના સ્તરે અસર બતાવે છે.
માથું ભારે રહેવાના કારણે માણસ પોતે પીડાય છે.
જ્યારે માથાભારે બનવાના કારણે માણસ અન્યને પીડા આપે છે.
માથું ભારે રહેવાના કારણે માણસ તત્ત્વોને સમજી શકતો નથી.
જ્યારે માથાભારે તત્ત્વો તો ખુદ સમજી શકતા નથી.
માથું ભારે રહેવું એ વ્યક્તિક પીડા છે.
જ્યારે માથાભારે માણસો એ સામાજિક પીડા છે.
માથું ભારે રહેતું હોય એ માણસ સજ્જન પણ હોય
પણ માથાભારે માણસ દુર્જનની ગણતરીમાં જ આવતો હોય છે.
આંખમાં નંબર હોય તો પણ માથું ભારે રહ્યા કરતું હોય છે.
જ્યારે અંતરની આંખ બંધ થઈ ગઈ હોય તો જ
માણસ માથાભારે બનીને ફરતો હોય છે.
છેલ્લે, માથાભારે હોય એ માથું ભારે કરે,
પણ માથું ભારે હોય એ માથાભારે ન પણ હોય.

**: સુવર્ણ સૂત્ર :**

માથું ભારે ન થવા દેવું હોય તો... વાતાવરણને હળવું ફૂલ બનાવી દો.
વાતને ખૂબ હળવાશથી લ્યો. કોઈને ક્યારેય કોઈ જાતનો ભાર ન આપો.

સૌજન્ય : શાંતિ સૌરભ

પરિવાર પત્રિકા
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)
Printed and Published by PRAMODBHAI NAVNITLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
(Office Time : 10-30 to 6-30 (Monday Close) Email : mahesana_jainprant@yahoo.com- www.dashashreemali.com)
and Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
P. Gautam & Co., Nandanvan, Ground Floor, Town Hall, Ellisbridge, Ahmedabad - 380 006. Editor - PRAMODBHAI NAVNITLAL GANDHI